પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇનસ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

**-:: ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ- ૩૭ (૪) અન્વયે કરેલ હુકમ ::-**

**ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ/૧૨૫ /૨૦૨૧**

વંચાણે લીધા

**(૧) ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગર ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨- A તા.૦૯/૦૭/૨૦૨૧**

**(૨) ગૃહ મંત્રાલય ભારત સરકારના તા.૨૯/૦૪/૨૦૨૧ ના પત્રક્રમાંક: 40-3/2020- DM-I (A) અન્વયે**

૧. નોવેલ કોરોના વાયરસ (covid-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગ્રુહ મંત્રાલય ભારત સરકારના તા.૨૯/૦૪/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020 -DM-I (A) થી કોરોના સંક્રમણને રોકવા અધતન સુચનાઓ આપવામાં આવેલ છે.

૨ રાજ્યમાં covid-19 ના સંક્રમણની બાબતે ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા ગ્રુહ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજ્યમાં ૧૮ શહેરોમાં તા.૧૦/૦૭/૨૦૨૧ના સવારના કલાક ૦૬:૦૦ સુધી રાત્રી કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ.

૩. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના દૈનિક કેસોમાં સતત ઘટાડો નોંધાયેલ છે.જેથી પ્રવર્તમાન પરિસ્થિતિની પુન:સમિક્ષા કરી તા.૨૫/૦૬/૨૦૨૧ના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ /૧૦૨૦૨૦ /૪૮૨- A થી મુકવામાં આવેલ નિયંત્રણોના સ્થાને પુખ્ત વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે. જેથી સુરત શહેરમાં તા.૧૦/૦૭/૨૦૨૧ રાત્રીના ક.૧૦/૦૦ થી તા.૨૦/૦૭/૨૦૨૧ સવારના ક. ૦૬/૦૦ સુધી રાત્રી કર્ફ્યુ લંબાવવામાં આવે છે.

સુરત શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે હું **અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર** નીચે મુજબનો હુકમ કરૂં છું.

**-:વિસ્તાર:-**

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:હુકમ :-**

**રાત્રી કર્ફ્યુ સમયગાળા દરમિયાન ફકત આવશ્યક સેવાઓ ચાલુ રહેશે.આ ઉપરાંત નીચેની બાબતો પણ અમલમાં રહેશે.**

(૧) બિમાર વ્યક્તિ,સગર્ભાઓ,અશકત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છુટ રહેશે.
(૨) મુસાફરોને રેલ્વે,એરપોર્ટ ST કે સીટી બસની ટીકીટ રજુ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.
(૩) રાત્રી કર્ફ્યુના સમયગાળા દરમ્યાન લગ્ન યોજી શકાશે નહી.
(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરૂરી ઓળખપત્ર રજુ કરવાના રહેશે.
(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર , ડોકટરનું પ્રીસ્ક્રીપ્શન,સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

૪. **::નિયંત્રણો::**

**ગૃહ વિભાગના સમાન ક્રમાંકના હુકમથી અમલી કરવામાં આવેલ નીચે મુજબના નિયંત્રણો તા. ૧૦/૦૭/૨૦૨૧ ના સવારના ક.૦૬/૦૦ થી તા.૨૦/૦૭/૨૦૨૧ ના સવારના ક.૦૬/૦૦ સુધીના સમગ્ર સમયગાળા દરમ્યાન સુરત શહેરમાં નીચે મુજબના નિયંત્રણો અમલમાં મૂકવામાં આવે છે.**

A. તમામ દુકાનો, વાણીજ્યક સંસ્થાઓ,લારી-ગલ્લાઓ, શોપીંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર,તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ રાત્રીના ૦૯:૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે. ( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા વાણિજ્યિક એકમો ચાલુ રાખી શકાશે નહી )

B. રેસ્ટોરેન્ટસ રાત્રીના ક. ૦૯/૦૦ સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૬૦% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકશે. ( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા રેસ્ટોરેન્ટસ ચાલુ રાખી શકાશે નહી )

C. રેસ્ટોરેન્ટસ HOME Deliveryની સુવિધા રાત્રીના ૧૨/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

D. જીમ ૬૦ % ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધિન ચાલુ રાખી શકાશે. ( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા જીમ ચાલુ રાખી શકાશે નહી )

E. જાહેર બાગ-બગીચાઓ રાત્રીના ૦૯/૦૦ સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધિન ખુલ્લા રાખી શકાશે.

F. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહતમ ૧૫૦ (એકસો પચાસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે .લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહેશે.

G. અંતિમ ક્રિયા / દફન વીધી માટે મહતમ ૪૦ (ચાલીસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે.

H. તમામ પ્રકારના રાજકીય/સામાજિક/શૈક્ષણિક/ સાંસ્કૃતિક/ધાર્મિક કાર્યક્રમોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધિન , ખુલ્લામાં . મહત્તમ ૨૦૦ (બસો) વ્યકિતઓની પરંતુ બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ % (મહત્તમ ૨૦૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે.

I. ધોરણ ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ/ ટ્યુશન ક્લાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહતમ ૫૦% વિધાર્થીઓ સાથે બેચવાઇઝ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P સાથે ચાલુ રાખી શકાશે. ( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, શિક્ષકો તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા કોચિંગ સેન્ટરો/ ટ્યુશન ક્લાસીસ ચાલુ રાખી શકાશે નહી )

J. શાળા , કોલેજ અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક /ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P સાથે યોજી શકાશે.

K. વાંચનાલયો ૬૦% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધિન ચાલુ રાખી શકાશે. ( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા વાંચનાલયો ચાલુ રાખી શકાશે નહી )

L. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ સર્વિસ મહત્તમ ૭૫ % પેસેન્જર કેપેસીટીમા ચાલુ રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. (તમામ ડ્રાઇવર અને કંડક્ટર એ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તે અનિવાર્ય રહેશે.)

M. પ્રેક્ષકોની ઉપસ્થિતી વગર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ/ સ્પોર્ટસ સ્ટેડીયમ/ સંકુલમાં રમત-ગમત ચાલુ રાખી શકાશે. ( રમત-ગમતમાં ભાગ લેનાર ખેલાડી, સપોર્ટ સ્ટાફ, ગ્રાઉન્ડ સ્ટાફ દ્વારા વેક્સિનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તે અનિવાર્ય રહેશે.)

N. સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહતમ ૬૦% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમા વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. અન્યથા આવા સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો ચાલુ રાખી શકાશે નહી )

O. શૈક્ષણિક સંસ્થાઓ, (ઓન લાઇન શિક્ષણ સિવાય) વોટર પાર્ક, સ્પા, સ્વિમિંગ પૂલ બંધ રહેશે.

P. ઉપરોક્તમાં A, B, D, I, K, L, M, N માં જણાવેલ બાબતો સંદર્ભમાં જે વ્યક્તિઓના RTPCR ટેસ્ટ પોઝિટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝિટીવ આવ્યાના ૧૪ દિવસ થી હોસ્પીટલની ડીસ્ચાર્જ સમરીની તારીખ થી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.

**૪. (૧) <u>આ સમયગાળા દરમિયાન નીચે મુજબની આવશ્યક સેવા/પ્રવૃતિઓ કોઇ પણ નિયંત્રણ વગર ચાલુ રહેશે.</u>**

(૧) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવા તેમજ આવશ્યક/તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.

(૨) મેડીકલ,પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.

(૩) ઓક્સિજન ઉત્પાદક અને વિતરણ વ્યવસ્થા.

(૪) ડેરી,દુધ-શાકભાજી,ફળ-ફળાદી ઉત્પાદન,વિતરણ અને વેચાણ તથા તેની હોમ ડીલીવરી સેવા.

(૫) શાકભાજી માર્કેટ તથા ફ્રુટ માર્કેટ .

(૬) કરિયાણું,બેકરી,બધા પ્રકારની ખાધ સામગ્રીનું વેચાણ અને તે વહેંચવા માટેની ઓનલાઇન તમામ સેવાઓ.

(૭) અનાજ તથા મસાલા દળવાની ઘંટી

(૮) ઘરગથ્થુ ટીફીન સર્વિસીસ અને હોટેલ/રેસ્ટોરન્ટમાંથી Take away facility આપતી સેવાઓ.

(૯) ઇન્ટરનેટ/ટેલિફોન/મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર/આઇ.ટી અને આઇ.ટી સંબંધિત સેવાઓ.

(૧૦) પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મિડીયા,ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.

(૧૧)પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી /સી.એન.જી /પી.એન.જી ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ,પોર્ટ ઓફ લોડીંગ,ટર્મિનલ ડેપોઝ,પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન ,ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ

(૧૨) પોસ્ટ અને કુરીયર સર્વિસ

(૧૩) ખાનગી સિક્યુરીટી સેવાઓ

(૧૪) પશુ આહાર ઘાસ ચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબધીત સેવાઓ

(૧૫) કૃષિ કામગીરી, પેસ્ટ કંટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન,પરીવહન અને પુરવઠા વ્યવસ્થા

(૧૬) ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરીવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ

(૧૭) આંતર રાજ્ય, આંતર જીલ્લા, અને આંતર શહેરોની ટ્રાન્સપોર્ટ સેવાઓ અને તેને સંલગ્ન ઇ-કોમર્સ સેવાઓ

(૧૮) તમામ પ્રકારના ઉત્પાદન/ઔધોગિક એકમો અને તેને રો મટીરીયલ પુરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે.જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) બાંધકામને લગતી પ્રવૃતિ ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. આ સમયગાળા દરમિયાન એ.ટી.એમ.માં નાણાનો પુરવઠો સતત જળવાઇ રહે તે અંગે બેંક મેનેજમેન્ટે કાળજી લેવાની રહેશે.

૬. તમામે ફેસ કવર,માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર THE EPIDEMIC DISEASES ACT 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, જી.પી.એક્ટ ૧૩૫ તથા, The Disaster Management Act, ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, જી.પી.એક્ટ ૧૩૫ , THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨તથા ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.
(૨) . નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર
(૩). મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર
(૪). તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)